No. of Printed Pages : 4

**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

**June, 2019**

01475

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

**1.** નીચેના વિષયોમાંથી ગમે તે ***એક*** વિષય પર નિબંધ લખો. *8*

(a) મારા સ્વપ્નનું ભારત

(b) એક બેકાર સ્નાતકની આત્મકથા

(c) સમૂહ માધ્યમો

(d) અનામત : વરદાન કે શાપ ?

**2.** નીચેનામાંથી કોઈ પણ ***ચાર*** પ્રશ્નોના ઉત્તર આપો. *8*

(a) આઝાદીના ફાયદા જોઈતા હોય તો દેશના લોકોએ શું શું કરવું પડે ?

(b) અનિવાર્ય એવી વિવિધતા ધરાવતા માનવસમુદાયો વચ્ચે કેવા સંબંધની લેખક હિમાયત કરે છે ?

(c) ગુલબ્બો શા માટે હરદ્વાર આવી હતી ?

(d) ગાંધીજીએ દાંડીકૂચની શરૂઆત ક્યાંથી કરી ? શા માટે ?

(e) આપણા દેશમાં અનેક ધર્મો અને જ્ઞાતિઓ છે એનાં શાં પરિણામો આવ્યાં છે ?

(f) દક્ષિણ આફ્રિકામાં વસેલા હિંદીઓ ગોરાઓ દ્વારા થતાં અપમાનો શા માટે.

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો. 4

(i) જે ધ્વનિઓ શબ્દોમાં અરસપરસની અદલાબદલીથી ભાષામાં અર્થભેદ કરે છે તેમને ______ કહે છે. (સ્વર, વ્યંજન, ધ્વનિસંકેત)

(ii) પુત્રને __________ પિતાએ બનતું બધું કર્યું. (સારુ, સારું)

(iii) કીમિયાગીરીનો વિકાસ સૌ પ્રથમ ________ માં થયો હતો. (ઈજિપ્ત, ચીન, યુરોપ)

(iv) મનુષ્યનું મનુષ્યત્વ _________ માં જ પૂરેપુરું ખીલે છે. (કુટુંબ, રાજ્ય, સમાજ)

(b) નીચેની બે કહેવતનો અર્થ સમજાવો. 4

(i) ખાલી ચણો વાગે ઘણો

(ii) મન ચંગા તો કથરોટમાં ગંગા

(iii) રોતી'તી ને પિયરિયાં મળ્યાં

4. નીચેનામાંથી ગમે તે બે વિષે ટૂંક નોંધ લખો. 6

(a) વૃક્ષ અને માનવજીવન

(b) મૂળભૂત હક્કો

(c) વિવિધતાના મુખ્ય પ્રકારો

5. નીચેનાં કથન કોણ બોલે છે તે જણાવી સમજાવો. 8

(a) હિન્દુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહીં કરનારને મળી રહે છે.

(b) તો પછી માજન આલે છે ને લેવું છે એમાં શરમ શાની ?

(c) અમારા આયખામાં જ હિમ પડેલું છે ! તમે શું કરો ?

(d) હવે ગઈ ગુજરી છોડો ને આજની વાત કરો.

6. નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્ય રીતે ગોઠવીને તે વાક્યો ફરીથી લખો. 4

(a) હક્ક વ્યક્તિને મળે છે જે સભ્ય તે સમાજના તરીકે માત્ર નહીં મળે છે વ્યક્તિ તરીકે.

(b) અંધશ્રદ્ધાથી સહાય નસીબ અને વિજ્ઞાન આપી શકે દૈવ વિશેની દૂર પણ રહેવાને માટે એમ છે.

(c) જતાં કરવો શેઠનો પડશે અબદુલ આપણે આ આગળ વધારે ગની પરિચય.

(d) છેલ્લી પ્રત્યેક અને આરતીની યાદ દિવસના છેલ્લામાં આવે છે સંધ્યાકાળની.

7. નીચેનાં આપેલાં વાક્યોમાંની ખાલી જગ્યા કૌંસમાં આપેલા સમાનાર્થી શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી પૂરો. *4*

(a) એનું ________ બાસ્તા જેવું ખમીસ જોઈ બધાં રાજી થઈ ગયાં. (શ્વેત, સફેદ, શુભ્ર)

(b) આજે ________ પહોર વહેલું વહેલું, એ ગીત કોણ ગાતું ઘેલું ? (પરોઢ, પ્રભાત, સવાર)

(c) ________ વલ્લીઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય. (ચારેપા, ચોદિશે, ચોપાસે)

(d) ________ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં. (કુસુમ, ફૂલ, પુષ્પ)

8. નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. સાચાં વિધાન સામે √ અને ખોટાં વિધાન સામે × નું ચિહ્ન કરો. *4*

(a) સત્યનિષ્ઠા એ વિજ્ઞાનનું હાર્ટ છે.

(b) ગુજરાતીઓનો આહાર એ સમતોલ આહાર છે.

(c) વૈજ્ઞાનિક વૃત્તિ માણસને લોકનિંદાથી નહીં ડરવાનું બળ આપે છે.

(d) કાર્યમાં અસફળતા મળે તો તેને ઈશ્વરેચ્છા સમજીને માણસે તેનો સ્વીકાર કરવો જોઈએ.

---